# સ્વામી વિવેકાનંદ જયંતી : ભારતીય અધ્યાત્મિક તેજ



ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ભારતવર્ષ ઋષિ, મહર્ષિઓનો દેશ છે. મુનિ, મહાત્માઓની ભૂમિ છે. સત્ય, શાંતિ અને સહિષ્ણુતાનો પ્રદેશ છે. હિન્દુસ્તાનની સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરા સર્વાનુકૂલ છે.

પ્રતિષ્ઠિત અને પારદર્શી છે.

અખંડ હિન્દુસ્તાન ભારત દેશ પૂર્વ -પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ દિશાઓમાં વિકસિત અને ધર્મ સંસ્કૃતિને માનનારો છે. દેવ-દેવી, દેવતાઓને પૂજનારો સંયમી છે. આ દેશનો ભૂતકાળ સુવર્ણ મંડિત અને વિશ્વવંદનીય ગુરુસ્થાને વિરાજીત હતો. અમારી ઉજ્જવલ સંસ્કૃતિના વિદ્યાલયોમાં વિશ્વના વિદ્યાર્થીઓએ જ્ઞાન સંપદા લીધી છે. અમારા જ વેદ, શાસ્ત્ર, પુરાણોનો અભ્યાસ કર્યો છે

પણ એક એવું પ્રદૂષણ આવ્યું કે વિદ્વત્તા નિર્દિષ્ટ થવા લાગી. વીરત્વ શીતલ થવા લાગ્યું. મનુષ્યમાત્રમાં જે મનમુટાવ હતો તેનો નાશ થવા લાગ્યો. માણસ માણસ વચ્ચે ભેદના અંકુર ઊગવા લાગ્યા અને પરદેશી આક્રમણમાં યુવાપેઢી પણ બલહીન બની ગઈ. દેશની સજીવતા નિર્બળ થવા લાગી. ચાર વર્ણોમાં ઉચ્ચ વર્ણીય લોકો પદ, પ્રતિષ્ઠા, સત્તા માટે આપણા જ ભાઈ, બાંધવો જોડે વિનાશક કાર્ય કરવા લાગ્યા.

1800મી સદી માનવોના ઉત્થાનની સદી બનીને આવી. બંગાળ કલકત્તામાં દત્ત પરિવારમાં શ્રી રામચંદ્ર દત્ત મોટા વિદ્વાન વકીલ હતા. પૈસેટકે સુખી અને માનસન્માનમાં આગળ પડતા હતા. વકીલ રામચંદ્રના પુત્ર દુર્ગાચરણ વૈરાગ્ય વૃત્તિવાળા અને શાસ્ત્રના અભ્યાસુ હતા. લગ્ન બાદ પુત્ર વિશ્વનાથના જન્મ પછી દુર્ગાચરણ ભરયુવાન વયે ગૃહત્યાગ કરીને નીકળી ગયા. પતિની શોધમાં પત્ની કાશી ક્ષેત્રે ગયાં ત્યાં અચાનક પડી જવાથી એક સંન્યાસીએ તેમને આધાર આપ્યો. એકબીજાને જોતાં જ સંન્યાસી દુર્ગાચરણે ઓળખ્યું આ સ્ત્રી તો પોતાની પત્ની છે. તરત જ તેમણે તે સ્ત્રીને સુરક્ષિત જગ્યાએ બેસાડીને દૂર દૂર ચાલ્યા ગયા. પછી દેખાયા જ નહીં.

દુર્ગાચરણના પુત્ર વિશ્વનાથ ભણીગણીને વકીલ બન્યા અને કલકત્તાની હાઈકોર્ટના એટર્ની બન્યા. એમની સારી કમાણી હતી પણ ઉદાર સ્વભાવને લીધે પૈસાટકાનું ધોવાણ થતું હતું. છૂટા હાથે ભિક્ષુકોને પૈસા આપી દેતા હતા. સગાંવહાલાં પણ તેમને લૂંટતા હતા. વિશ્વનાથના આ ઉદાર સ્વભાવથી એમની પાસે પૂંજી રહી નહીં. વિશ્વનાથજીની પત્ની શ્રીભુવનેશ્વરી પતિપરાયણ ભગવત ભક્તિમાં તલ્લીન હતાં. વ્યવહાર કુશળ અને સૌંદર્યવાન હતાં. આપણા મહાભારત અને અનેક પૌરાણિક કથાથી તેઓ પરિચિત હતાં. ઉદાર વિશ્વનાથજીનાં પત્ની ભુવનેશ્વરી દેવી એવા કુળદીપક પુત્રની અભિલાષા કરતાં હતાં કે જે માનવી જીવનને બોધ આપે. સુરક્ષિત અને સંયમી બનાવે એટલે ભુવનેશ્વરી દેવીએ દત્ત કુટુંબના એક માજીને કાશીના વીરેશ્વર મહાદેવની પૂજા કરવા માટે કહ્યું અને ભુવનેશ્વરીને સ્વપ્ન દ્રષ્ટાંત થયો. તે જાગી ગયાં. ‘ જય શંકર શ્રી ભોલેનાથ’ કરવા લાગ્યાં અને સમયાધીન પ્રસૂતિમાં પુત્ર જન્મ થયો.

સંવત 1919. પોષ વદ સાતમ, સોમવાર સને 1863ના જાન્યુઆરીની બારમી તારીખે સૂર્યોદય પહેલાં છ મિનિટે એક મહાપુરુષનો જન્મ થયો. તે દિવસે મકરસંક્રાંતિનું પુણ્ય પર્વ પણ હતું. એ પુત્રનું નામ માતાએ વીરેશ્વર રાખ્યું પણ નરેન્દ્ર નામે તે આગળ વધ્યો. તે ભારતના સપુત સ્વામી વિવેકાનંદ. વકીલ વિશ્વનાથ દત્ત અને માતા દેવી ભુવનેશ્વરીના પુત્ર નરેન્દ્ર ઉર્ફે વિવેકાનંદ.

નરેન્દ્રને પણ સાધુસંતો પ્રત્યે અપાર શ્રદ્ધા અને પ્રેમ હતાં. તેઓ પણ સાધુ, મહાત્માઓને દાન-ધર્મ કરતા હતા. નરેન્દ્રે માતાના ખોળામાં રામાયણ, મહાભારત અને શાસ્ત્રપુરાણ વગેરેની કથાઓ સાંભળી હતી. નરેન્દ્ર, ચાણાક્ષ અને તેજપુંજ અને હોંશિયાર વિદ્યાર્થી હતા. નરેન્દ્રને ભણાવવા માટે ઘરે જ એક શિક્ષક આવતા હતા. ઘરે તો પિતા વિશ્વનાથને મળવા અનેક પંથના, જ્ઞાતિના લોકો આવતા અને દરેક માટે અલગ અલગ હુક્કા અને વાસણો રાખતાં હતાં. નરેન્દ્રએ જોયું અને કહ્યું બધા જ માણસો છે તો દરેકનો અલગ અલગ વ્યવહાર કેમ કરો છો? બધાંને એક સૂત્રમાં આણી દીધાં. જન્મેલા બધા માણસો સમાન છે.

શાળા અને કોલેજમાં નરેન્દ્રના ફક્ત સારા, સંયમી અને દૃઢનિશ્ચયી જ મિત્રો હતા. નરેન્દ્રને વાંચનનો બહુ શોખ હતો. અંગ્રેજી, બંગાળી, સંસ્કૃત પુસ્તકો વાંચી કાઢયાં. તે અસાધારણ બુદ્ધિ ધરાવતો વિદ્યાર્થી હતો અને તે ઝળકી ઊઠશે એમ લોકો કહેતા હતા. નરેન્દ્રને ગુરુદેવ રામકૃષ્ણ પરમહંસે પોતાની બધી શક્તિ અને યુક્તિ અને આરાધનાનું ફળ આપી દીધું. નરેન્દ્ર રામકૃષ્ણ પરમહંસજીનો એકમેવ સાચો શિષ્ય બન્યો અને જીવનને સાર્થક બનાવ્યું. પોતે સંન્યાસ્ત જીવન સ્વીકારીને સ્વામી વિવેકાનંદ બિરુદ પામ્યા. યુવાનોને બોધ આપ્યો. વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ સ્વીકારીને હિન્દુ સનાતન ધર્મનો વિશ્વમાં ધ્વજ ફરકાવ્યો અને બધા ભારતીઓને કહ્યું ‘‘ઊઠો જાગો ધ્યેયપ્રાપ્તિ થાય ત્યાં સુધી મંડયા રહો’’ શ્રીરામકૃષ્ણ આશ્રમના સ્થાપક સ્વામી વિવેકાનંદજીએ 1902માં અંતિમ શ્વાસ લીધો.

ઘરે તો પિતા વિશ્વનાથને મળવા અનેક પંથના, જ્ઞાતિના લોકો આવતા અને દરેક માટે અલગ અલગ હુક્કા અને વાસણો રાખતાં હતાં. નરેન્દ્રે જોયું અને કહ્યું બધા જ માણસો છે તો દરેકનો અલગ અલગ વ્યવહાર કેમ કરો છો?

# નૈષ્કર્મ્ય સિદ્ધિ



જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

ગત અંકમાં સદોષ-સહજ કર્મનો મર્મ સમજાવીને હવે ભગવાન કૃષ્ણ નૈષ્કર્મ્ય સિદ્ધિનું રહસ્ય બતાવી રહ્યા છે.

એક નાનકડો પ્રસંગ યાદ આવે છે. ગામના એક જૂના મંદિરમાં રોજ સવાર એક વૃદ્ધ માણસ આવતો. ન તો તે વિદ્વાન હતો ન ધનિક શેઠ! તેની સેવા નાની પણ નિયમિત! માત્ર એક સામાન્ય સેવકની ઉપાધિ તેને માટે બહુ થઈ રહેતી. તેનું કામ હતુંઃ મંદિરનો કચરો સાફ કરવો, મંદિરનો દીવો સાફ કરવો, ફૂલની વાટકી ગોઠવવી અને સાંજ પડે ત્યારે બાકી રહેલું તેલ કાળજીપૂર્વક ભરી દેવું. કોઈએ ક્યારેય તેને લાંબી પૂજા કરતાં જોયો ન હતો, કે મોટા મંત્રો ઉચ્ચારતા સાંભળ્યો ન હતો. તેનું સાધન માત્ર એટલું જ, દરરોજ એ દીવો બુઝવા ન દેવાનો.

એક દિવસ કોઈએ પૂછ્યું, “તમે રોજ મફતમાં આ કામ કરો છે, કંટાળો નથી આવતો? કંઈ ઈચ્છા નથી?” વૃદ્ધે દીવાની વાટ સીધી કરતાં હળવેથી કહ્યું, “હું કોઈ વિદ્વાન નથી, કોઈ કથાકાર નથી પણ મારું આ નાનું કામ મને શાંતિ આપે છે. એટલું પૂરતું છે.” આ શબ્દોમાં કોઈ દર્શનશાસ્ત્ર ન હતું પરંતુ એમાં ઊંડા આત્મજ્ઞાનની સમજ હતી.

અધ્યાત્મ સિદ્ધિનો રસ્તો ગગનથી નહીં, ઘર-ઘરથી જાય છે. જ્યાં કર્મ અહંકાર વગર થાય, ત્યાં કર્મ સાધના બની જાય છે. એ વૃદ્ધ સેવકને કોઈ સિદ્ધિ મળવાની લાલસા ન હતી. ન તો સ્વર્ગની ઈચ્છા, ન મુક્તિનો માર્ગ. તે તો માત્ર એટલું જાણતો હતો કે આ દીવો પ્રભુનો છે અને પોતે માત્ર તેની સેવા કરનાર છે. કર્તાપણું ત્યાં અટકી ગયું હતું.

સમય પસાર થયો. મંદિર મોટું બંધાયું. એલીવેશન બદલાયું, લોકો બદલાયા પણ એ વૃદ્ધ માણસના હાથમાં દીવો હંમેશાં એકસરખો જ ઝળહળતો રહ્યો. આમ, જેણે નાનાં કર્મમાં પોતાને ભુલાવી દીધો, તેણે મોટું સત્ય શોધી લીધું. અધ્યાત્મનો અર્થ જ એ છે કે જીવનની સામાન્ય ગતિમાં અસામાન્ય શુદ્ધતા આવી જાય. ગીતા આને નૈષ્કર્મ્ય સિદ્ધિ કહે છે, તે કર્મનો ત્યાગ નથી, કર્મ દ્વારા મુક્તિ છે. કર્મ છોડવાથી નહીં, પરંતુ કર્મમાં રહી અકર્મનો અનુભવ થવાથી જે સ્થિતિ પ્રાપ્ત થાય-તે જ નૈષ્કર્મ્ય સિદ્ધિ!

કર્મમાં આવી અનાસક્તિ માટે જીવન બદલવાની જરૂર નથી; જીવન જીવવાની દૃષ્ટિ બદલવાની જરૂર છે. રોજિંદાં નાનાં કર્મો જો શુદ્ધ ભાવથી થાય, ગુરુ અને ભગવાનને પ્રસન્ન કરવાના લક્ષ્યથી થાય, તો એ જ કર્મ આત્માને પ્રકાશિત કરી દે છે. ત્યાં સિદ્ધિ કોઈ ઘોષણા નથી કરતી; તે શાંતિ બનીને આપણા અંદર સ્થિર થઈ જાય છે.

સામાન્ય માણસ માને છે કે અનાસક્તિ એટલે બધું છોડી દેવું, ઘર, પરિવાર, વ્યવસાય, જવાબદારીઓ. પરંતુ આ માન્યતા અધૂરી છે. સાચી અનાસક્તિ બહારની વ્યવસ્થા બદલતી નથી; પણ તેનાથી અંદરની સ્થિતિ બદલાય છે. રોજિંદા કર્મોમાં અનાસક્તિ આવવી એટલે કામ કરતા રહેવું પરંતુ કામ આપણું ન બને, કામમાં આપણો અહંકાર, આપણી તણાવભરી પકડ ન આવે. જેમ કમળનું પાન પાણીમાં રહીને પણ ભીનું થતું નથી, તેમ જીવનની ગતિમાં રહીને પણ મન ભીંજાતું નથીઃ એ જ નૈષ્કર્મ્ય સિદ્ધિ.

કર્મ કરતી વખતે મનમાં “મારે જ કરવું પડે છે”, “મને કોણ સમજશે?” જેવી ફરિયાદ ન આવે અને કાર્ય માત્ર કર્તવ્યભાવથી, શાંતિથી થાય તો એ કર્મ બંધન નથી રહેતું. ત્યાં અનાસક્તિ રોજીંદા જીવનમાં ઉતરી આવે છે. કર્મ થાય છે, પરંતુ કર્તાપણું ઓગળી જાય છે. જીવનમાં દુઃખનું મૂળ કર્મ નથી; કર્મ સાથે જોડાયેલું ‘મારું’ છે. હું કરું છું, મને મળે, મારી ઓળખ બને, આ ત્રણ શબ્દો જ્યાં સુધી અડગ છે, ત્યાં સુધી બંધન છે પરંતુ જ્યારે કર્મ ‘મારું’ નથી રહેતું, ‘મારે’ નથી રહેતું, ત્યારે તે સેવા બની જાય છે, સાધના બની જાય છે.

નૈષ્કર્મ્ય સિદ્ધિ એટલે અકર્મ, કર્મ ન કરવો નહીં, પરંતુ કર્મથી બંધાઈ ન જવું. પરિણામની ચિંતા વગર કર્તવ્ય કરવું. સફળતામાં ફૂલવું નહીં, નિષ્ફળતામાં તૂટવું નહીં. જીવનને નાટક સમાન જોવું, પાત્ર ભજવવું, પરંતુ પાત્ર બની ન જવું.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે આ સ્થિતિ કોઈ એક દિવસમાં મળતી નથી. તે તો અભ્યાસથી આવે છે, દરરોજ થોડું ઓછું ‘હું’, થોડું ઓછું ‘મારું’. આજે એક કામ નિઃસ્વાર્થ કર્યું, કાલે એક પ્રશંસા છોડી દીધી, પરમ દિવસે એક અપેક્ષા ઓછી કરી, આ રીતે ગુરુકૃપા ભળે અને જીવન ધીમે ધીમે હળવું બનતું જાય છે. કર્મ રહે છે, પરંતુ કર્મભાર ઊતરતો જાય છે.

જીવનમાં દુઃખનું મૂળ કર્મ નથી; કર્મ સાથે જોડાયેલું ‘મારું’ છે. હું કરું છું, મને મળે, મારી ઓળખ બને, આ ત્રણ શબ્દો જ્યાં સુધી અડગ છે, ત્યાં સુધી બંધન છે પરંતુ જ્યારે કર્મ ‘મારું’ નથી રહેતું, ‘મારે’ નથી રહેતું ત્યારે તે સેવા બની જાય છે, સાધના બની જાય છે